સિલિકોનવેલીમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૫૩૪મા પ્રાકટ્યોત્સવની ત્રિદિવસીય ઉજવણી

શ્રીવલ્લભાચાર્યજી - શ્રીમહાપ્રભુજીના ૫૩૪મા પ્રાકટ્યોત્સવના મુખ્ય મનોરથી યજમાન શ્રી કનૈયાલાલ શાહે પરિવારસહ તિલક-માળા વિધિ કરી હતી

પ્રવીણ દેસાઈ

મિલપીટાસ/કેલિફોર્નિયા, તા. ૧૪ : આખા વિશ્વમાં વસતા આશરે અઢી કરોડ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયીઓએ ગુરુવાર, તા. ૨૮ એપ્રિલ, ૨૦૧૧ના રોજ ચૈત્ર વદ એકાદશીના પવિત્ર દિને ભૂમંડલાચાર્ય જગદ્ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજીના ૫૩૪મા પ્રાક્ટ્ય દિનની ઉજવણી ધામધૂમથી ભક્તિભાવે કરી હતી. સાન ફ્રાન્સિસ્કો અખાતી તટવર્તી વિસ્તારનું સૌપ્રથમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી 'શ્રીમયકૃષ્ણ ધામ' હવેલી - નંદાલયમાં 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બેવીપી'ના ઉપક્રમે ૨૮-૩૦ એપ્રિલ, ૨૦૧૧ દરમિયાન વડોદરાનિવાસી યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયના પ્રવચનો તથા 'સેવાશિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પુનિત અવસરનાં મુખ્ય યજમાન કનૈયાલાલ-રૂપાબેન શાહ પરિવાર તથા દૈનિક મહાપ્રસાદના યજમાન સુરેશભાઈ પટેલ, તેમનાં પત્ની શર્મિષ્ઠાબેન, ભાભીશ્રી લતિકાબેન પટેલે આચાર્યચરણને તિલક-માળા સહ ધોતિયું ઉપરણાંની ભેટ અર્પણવિધિ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. આચાર્યશ્રીના નેતૃત્વમાં હવેલીના ગર્ભગૃહમાં જ કાઢવામાં આવેલ શોભાયાત્રા કથામંડપ સુધી પહોંચતા ઉપસ્થિત સેંકડો ભાવિકોએ શ્રી મહાપ્રભુજીના દિવ્ય દર્શનનો લાભ લીધો હતો.

હવેલીમાં પુષ્ટિપ્રતિષ્ઠિત શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી તથા શ્રીયમુનાજીના ચિત્રજી સમક્ષ શ્રી ગિરિરાજ ગોવર્ધન પર્વત, યમુનાજી તથા શ્રીમહાપ્રભુજીની પ્રાકટયભૂમિ ચંપારણ્યના આકર્ષક ટેબ્લોઇડમાં પિતા લક્ષ્મણ ભટ્ટ અને માતા ઇલ્લામા ગારૂજી નિર્ધારીત ૧૦૦ સોમયજ્ઞની પૂર્ણાહુતિએ શ્રીમદ વલ્લભાચાર્યજીનું પ્રાક્ટય દર્શાવાયું હતું. માત્ર બાવન વર્ષના જીવનકાળમાં ત્રણ વખત આખા ભારતવર્ષની પરિક્રમા કરીને પુષ્ટિ સંપ્રદાયની સમજ સાથે દૈવીજીવોના ઉધ્ધારમાં માત્ર અનન્ય ભાવે *શ્રીકૃષ્ણઃ શરણંમ મમ:* ના મંત્રોચ્ચાર દ્વારા ભગવાનના દર્શનનો માર્ગ બતાવ્યો હતો.

પૃથ્વી પરિક્રમા દરમિયાન શ્રીનવરત્નમ્, શ્રીકૃષ્ણાશ્રય, સિધ્ધાંત રહસ્યમ્, સુબોધિની જેવા અનેક પુષ્ટિ સંપ્રદાયિક સાહિત્યનું નિર્માણ કર્યું છે. તેમની યાત્રાઓ દરમિયાનના ઉતારાઓમાં શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ કર્યું તે આજે ૮૪ બેઠકજી તરીકે પવિત્ર યાત્રાધામોમાં પ્રચલિત છે. શ્રીવલ્લભાધીશજીના ૮૪ વૈષ્ણવ શિષ્યો પણ પ્રસિદ્ધ છે.

સનાતન હિંદુ ધર્મની શાખારૂપ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતો અંતર્ગતના વિચારોની આધ્યાત્મિક સંગોષ્ટિ બેઠકમાં યુવા આચાર્યશ્રીએ સરળ રીતે સચોટ વક્તવ્ય આપતાં કહ્યું કે શ્રી વલ્લભાધીશ શ્રીમહાપ્રભુજીએ સેવાતત્ત્વ પર વિશેષ ભાર મૂક્યો છે. 'સ્વ'ના અહંકારથી થતું કર્મ સ્વાર્થ છે. તેના બંધનરૂપી જીવનફળ પ્રાપ્ત થાય છે. અહંકારમાં કર્મનું પ્રાધાન્ય સમાયેલું છે, જ્યારે સેવામાં સમર્પણ છે. અનેક પ્રકારની સેવામાં પ્રભુસેવાની મહત્તા વધુ છે. માનવસેવા કર્તવ્ય છે, પ્રભુસેવા આત્માનું કર્તવ્ય અને જીવનનું લક્ષ્ય છે. જેમાં આત્માનો પરમાત્મા સાથેનો સંબંધ સધાય છે. ઈશ્વર પ્રત્યેની કૃતજ્ઞતા ભક્તિ છે, જે જીવનની શક્તિ છે.

પુષ્ટિમાર્ગમાં બાલકૃષ્ણ લાલજીની સ્વરૂપસેવા તે પછી ચિત્રજી સેવા છે. શ્રીવલ્લભાચાર્યજીએ સેવાના પ્રકાર દર્શાવ્યા છે. મંદિર ભગવાનની ઑફિસ છે. નંદાલય-હવેલી ભગવાનનું ઘર છે. પુષ્ટિમાર્ગમાં કરોડો સંપ્રદાયીઓના ઘરમાં પુષ્ટાવેલા ઠાકોરજીની સેવા થાય છે. નંદાલય-હવેલીમાં કૃષ્ણ ભગવાન અનેક લીલાઓ સાથે બિરાજે છે. જેમાં પ્રેમથી લીલાઓના મનોરથો થાય છે. બાળકૃષ્ણલાલજીની સેવા સાક્ષાતભાવે ઋતુ અનુસાર જ કરવામાં આવે છે. ગૃહસ્થીઓના ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની રાજસી સેવા થાય છે.

પુષ્ટાવિત શ્રીબાલકૃષ્ણ લાલજીને સવારના જગાડવાથી રાત્રીના શયન સુધીના અષ્ટપ્રહર દર્શનની ભક્તિકલા સેવાના તમામ પ્રકારોની ઝીણવટભરી પ્રત્યક્ષ રીતો સમજાવી હતી. સેવા પ્રત્યેની ગર્ભિત દહેશતે તેના પ્રકારોથી અજાણ યુવા સમુદાયે સેવાની સહજતાને નિહાળતા આનંદ અને સંતોષ અનુભવ્યા હતા.

પાંચ સૈકા પૂર્વે પલાયનવાદને છોડી પુષ્ટિભક્તિએ બંધનમુક્ત જીવન જીવવાનો અભિગમ દર્શાવતા શ્રીમહાપ્રભુજીએ જાગતા રહીને પ્રસન્નતાએ જીવન જીવવાની કેડી કંડારી આપી છે, જેમાં કાયાના કષ્ટથી પ્રભુપ્રાપ્તિની વિચારધારાનું ખંડન કરીને માત્ર *શ્રીકૃષ્ણાશ્રય* એ જ ભગવાનનું શરણ કહ્યું છે.

સમાચાર સાર

મુશર્રફે પાકિસ્તાન પાછા ફરવાની જાહેરાત કરી

દુબઈ, તા. ૧૪ (પી. ટી. આઈ.) : પાકિસ્તાનના ભૂતપૂર્વ સરમુખત્યાર પરવેઝ મુશર્રફે આજે જાહેર કર્યું હતું કે તેઓ આવતા વર્ષે પાકિસ્તાન પાછા ફરશે. પોતાના રાજકીય પક્ષનો કાયાકલ્પ કરવા તથા ૨૦૧૩ની ચૂંટણીમાં સહભાગી થવા તેઓ ધરપકડની ઝળુંબતી તલવાર છતાં પાછા ફરશે. ઓલ પાકિસ્તાન મુસ્લિમ લીગના નેતા મુશર્રફે જણાવ્યું હતું કે તેમની ધરપકડ માટે રેડ વોરન્ટ જારી થયું નથી. ''મારા રાજકીય પ્રતિસ્પર્ધીઓ દ્વારા મારા પર મૂકવામાં આવેલા આક્ષેપો અંગે હું કોર્ટનો સામનો કરવા તૈયાર છું,'' એવું તેમણે એક અખબારને જણાવ્યું હતું.

૨૬/૧૧ : પાક કોર્ટમાં ખટલાની સુનાવણી ફરી મુલતવી

ઈસ્લામાબાદ,, તા. ૧૪ (પી. ટી. આઈ.) : વર્ષ ૨૦૦૮માં મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલાના સાત શકમંદો વિરુદ્ધ ખટલો ચલાવી રહેલી પાકિસ્તાનની આતંકવાદવિરોધી અદાલતે આજે મામલાની સુનાવણી પખવાડિયા માટે મોકૂફ રાખી હતી. ચાવીરૂપ અધિકારીઓની મુલાકાત લેવા માટે એક પંચ ભારત મોકલવાના સરકારના પ્રસ્તાવ અંગેની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે સુનાવણી મોકૂફ રાખી હતી.

ધરતીકંપથી કાશ્મીર ધ્રૂજ્યું

શ્રીનગર, તા. ૧૪ (પી. ટી. આઈ.) : રિક્ટર સ્કેલ પરના ૪.૯ની તીવ્રતાના ભૂકંપે આજે કાશ્મીરને ધણધણાવ્યું હતું. જોકે ભૂકંપના આંચકાને કારણે જાન-માલના નુકસાનના કોઈ અહેવાલ નથી. શનિવારે વહેલી સવારે ત્રણ વાગીને નવ મિનિટે આવેલા ભૂકંપનું એપિસેન્ટર અફઘાનિસ્તાનના હિંદુકુશ પર્વતમાળામાં છે. છેલ્લે આઠમી ઑક્ટોબર, ૨૦૦૫ના રોજ કાશ્મીરમાં ૭.૪ની તીવ્રતાના ભૂકંપે ૧૩૦૦ લોકોનો ભોગ લીધો હતો.

શિવસેનાના વિધાનસભ્ય સામે ફોજદારી કેસ નોંધાયો

યવતમાળ, તા. ૧૪ (પી. ટી. આઈ.) : જિલ્લા પરિષદની મહિલા સભ્યને કથિતરૂપે અપશબ્દો કહી તેમના પર હુમલો કરનારા શિવસેનાના દિગરાસના વિધાનસભ્ય સંજય રાઠોડ સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વડગાવ રોડ પોલીસે ગુરુવારે મોડી રાત્રે રાઠોડ સામે મામલો નોંધ્યો હતો. જિલ્લા પરિષદના સભ્ય રત્ના પ્રતાપસિંહ આડેએ આક્ષેપ કર્યો હતો કે રાઠોડ પોતાના ૧૫-૨૦ સમર્થકો સાથે તેમના ઘરમાં ધસી આવ્યા હતા અને તેમના પર હુમલો કર્યો હતો.

બંધને પગલે કાશ્મીરમાં જનજીવનને અસર

શ્રીનગર, તા. ૧૪ (પી. ટી. આઈ.) : કાશ્મીર ખીણમાં હુર્રિયત કૉન્ફરન્સના સૈયદ અલી શાહ ગિલાનીએ પોકારેલા બંધને કારણે સામાન્ય જનજીવન પર આંશિક અસર પડી હતી. રાજ્યમાંના રાજકીય કેદીઓને મુક્ત કરવાની માગણી લઈને ગિલાનીએ આ બંધની હાકલ કરી હતી. શહેરના વ્યાપારિક પ્રવૃત્તિઓના કેન્દ્ર સમા લાલ ચોક તથા આસપાસના વિસ્તારો સજ્જડ બંધ રહ્યા હતા, પણ અન્ય વિસ્તારોમાં બંધને નાનાપાયે ટેકો મળ્યો હતો. સરકારી ઑફિસો રાબેતા મુજબ ચાલુ રહી હતી તથા કેટલાક વિસ્તારોમાં પરિવહન સેવા ખોડંગાઇ હતી.

ખાનદાનની ઈજ્જત : માતાએ બે દીકરીઓની હત્યા કરી

લખનૌ, તા. ૧૪ (પી. ટી. આઈ.) : આબરૂ બચાવવા ખાતર થતી હત્યાઓ અંતર્ગત વધુ એક કિસ્સો નોંધાયો છે. ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં બે મુસ્લિમ કન્યાઓની તેમની માતાએ હત્યા કરી હતી. આ બન્ને હિંદુ યુવાનો સાથે નાસી ગઇ હોવાથી માતાએ પરિવારની આણ ખાતર આવું હિચકારી પગલું ભર્યું હોવાનું કહેવાય છે. કિશોર વયની ઝાહીદા અને ૨૬ વર્ષની હુસ્નાને બાંધી દઈ તેમનું ગળું દાબીને હત્યા કરવામાં આવી હતી. થોડા સમય પૂર્વે આ બે બહેનો બિહારી યુવાનો સાથે ભાગી ગઈ હતી અને લગ્ન કર્યાં હતાં. દસમી મેએ આ બન્ને પોતાના મુગલપુર વિસ્તારમાં પાછી ફરી હતી ત્યારે આ ઘટના બની હતી.

દહેજ : સાસરિયાએ મા-દીકરીનો જીવ લીધો

બરેલી, તા. ૧૪ (પી. ટી. આઈ.) : ૨૦ વર્ષની મહિલા તથા તેની દીકરીને તેના પતિ તથા સાસરિયાઓએ મળીને કથિતપણે આગ ચાંપી હતી. દહેજની માગણીને લઈને ફતેહપુરમાં બનેલી આ ઘટનાથી લોકોમાં અરેરાટી ફેલાઈ છે. મૃત્યુ પામેલી સ્ત્રીનો પતિ મિલ કામગાર છે અને તેણે કથિતપણે પોતાની પત્ની અને દોઢ વર્ષની દીકરીને એક ઓરડામાં પૂરી કેરોસીન રેડી તેમને બાળી મૂકી હતી. ચાર વર્ષ પૂર્વે રેણુ અને રવીન્દ્રના લગ્ન થયા હતા તથા લગ્ન બાદ તરત જ રેણુના સાસરિયા તેની પાસે દહેજની માગણી કરી તેને ત્રાસ આપતા હતા.

જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસૂરિશ્વરજી મહારાજસાહેબ લિખિત ૨૫૦મા પુસ્તક 'અવતરણનું આચમન'નું કુમાર હિંમતલાલ મહેતા પરિવારે વિમોચન કર્યું હતું

આપણું સુખ બીજાના દુઃખનું કારણ ન બનવું જોઈએ : શ્રી વિજયરત્નસુંદરસૂરિશ્વરજી

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૪ : આપણું દુઃખ બીજાના સુખનું કારણ બને તો ચાલે, પરંતુ આપણું સુખ બીજાના દુઃખનું કારણ ન બનવું જોઈએ એમ અત્રે શનિવારે પોતાના ૨૫૦મા પુસ્તક 'અવતરણનું આચમન'ના વિમોચન પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતાં જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસૂરિશ્વરજી મહારાજસાહેબે જણાવ્યું હતું. તેઓ આ પ્રસંગે આયોજિત હૃદયસ્પર્શી પરિસંવાદ વ્હાય, વ્હેન, વ્હેર (શા માટે, ક્યારે અને ક્યાં) પર બોલી રહ્યા હતા.

આપણે શા માટે જીવી રહ્યા છીએ, જીવનનો અસ્ત ક્યારે થશે અને ક્યાં થશે તે આપણે જાણતા નથી.

સૂર્યાસ્તનો સમય નક્કી છે, ચોક્કસ છે, પણ મૅચ ક્યારે પૂરી થાય તે કહેવાય નહીં. જીવનની એક પણ મિનિટ વધવાની નથી, પણ ઘટી શકે છે. વ્હેન (ક્યારે)નો જવાબ નથી. જીવનની સમાપ્તિ ક્યારે? આનો કોઈ જવાબ નથી.

નદીનું પાણી સાગરમાં જવાનું, મડદું સ્મશાનમાં જવાનું, વાસણ ભંગારવાળા પાસે જશે એ વાત ચોક્કસ છે, પણ આપણે ક્યાં જવાનું છે? આપણી પાસે આનો જવાબ નથી.

એટલે કાલની રાહ જોયા વિના આજથી સારાં કૃત્યો કરવાનાં શરૂ કરી દો.

જો આઈ એટલે કે આંખને ખોલવા માગતા હો તો આઈ (અહમ્)ને જાકારો આપો. ભગવાને તમારા પર ઘણા ઉપકાર કર્યા છે તો ઉપકારનો આભાર માનતા શીખો એમ જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસૂરિશ્વરજી મહારાજસાહેબે વધુમાં જણાવ્યું હતું.

જે સત્ય બુદ્ધિને સ્પર્શે તે જીવનપરિવર્તન ન કરી શકે, પણ જે સત્ય હૃદયને સ્પર્શે તે જ જીવનપરિવર્તન કરી શકે.

જિંદગીની મુસાફરી બીથી ડી સુધીની છે. બી એટલે બર્થ અને ડી એટલે ડેથ, પરંતુ વચ્ચે સી આવે છે. સી એટલે ચોઈસ મતલબ કે જિંદગી કેવી રીતે જીવવાની છે તેની ચોઈસ તમારા હાથમાં છે. જિંદગી અને મોત તમારા હાથમાં નથી, પરંતુ ચોઈસ એટલે કે પસંદગી તમારા હાથમાં છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મારું હાસ્ય કોઈના રુદનનું કારણ બનવું ન જોઈએ. મોંઘીદાટ કાર ખરીદવા પાછળનું કારણ પાડોશીને તેની ઈર્ષ્યા થાય એવું હોવું ન જોઈએ. શાંત પાણીમાં કાંકરી નાખવાથી કાંકરી તો તરત જ પાણીની નીચે બેસી જાય છે, પરંતુ પાણીમાં તરંગો ઘણી વાર સુધી ફેલાતા રહે છે.

જૈનાચાર્યે જણાવ્યું હતું કે ૩૦ વર્ષ પહેલાં પાલનપુરથી શરૂ થયેલી કલમ આજે પણ ચાલે છે. આજના ફેસબુક, ટ્વીટર અને ઈન્ટરનેટના જમાનામાં યુવાનોને પુસ્તકોનું વાંચન કરાવવું એ લોઢાના ચણા ચાવવા સમાન છે, પરંતુ આ વાંચનની એકાદ પંક્તિ યાદ રહે અને કટોકટીમાં એનું સ્મરણ થઈ આવે તોપણ ઊગરી જવાય એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

પુસ્તક 'અવતરણનું આચમન'નું વિમોચન કુમાર હિંમતલાલ મહેતા પરિવારે કર્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન રાકેશભાઈએ અને પ્રાસંગિક પ્રવચન સુધીરભાઈ પટ્ટણીએ કર્યું હતું.

આ પ્રસંગે કચ્છી-ગુજરાતી ઘોઘારી જૈન સમાજના ઘણા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન માટુંગા જૈન સંઘના ટ્રસ્ટી સુધીરભાઈ પટ્ટણીએ કર્યું હતું.

ક્રાઈમ કોર્નર

કફ પરેડમાં દશ વર્ષના કિશોરનું અપહરણ કરનાર શખસ સાકીનાકામાં પકડાયો

મુંબઈ, તા. ૧૪ : પરિણીત મહિલાના પ્રેમના પડેલા મોહમ્મદ હનીફ ફજરુ રહેમાન શેખ (૨૫) નામના યુવાને મહિલાના દશ વર્ષના પુત્ર અજય શંકર પવારનું અપહરણ કરીને તેને જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસે મોહમ્મદ શેખની સાકીનાકામાંથી ધરપકડ કરીને અજયને છોડાવ્યો હતો. કફ પરેડ પોલીસે જણાવ્યું હતું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર નગરમાં રહેતી પરિણીત મહિલા સાથે મોહમ્મદને પ્રેમ થતાં તે તેની સાથે રહેવા માટે દબાણ કરતો હતો. આ અંગે મહિલાએ ઇનકાર કરતાં મોહમ્મદ કહેતો હતો કે તારા પુત્રનું અપહરણ કરીને મારી નાખીશ. ગત શુક્રવારે સવારથી સાંજ સુધી મહિલાનો પુત્ર અજય નહીં દેખાતાં તેણે મોહમ્મદ શેખ વિરુદ્ધ કફ પરેડ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કફ પરેડ પોલીસસ્ટેશનના ગુનાશોધક પથકે તપાસ કરીને અંધેરી (પૂર્વ)ના મરોલસ્થિત અરવાના રોડ પર આવેલી વીડિયોકોન સર્વિસ સેન્ટર પાસેથી મોહમ્મદને ઝડપીને તેની પાસે રહેલા અજયને મુક્ત કરાવ્યો હતો.

લેવડ-દેવડના વિવાદમાં યુવાનની હત્યા

મુંબઈ, તા. ૧૪ : ઘાટકોપર (પશ્ચિમ) આઝાદ નગરમાં આવેલા અકબરલાલા કંપાઉન્ડમાં રૂપિયાની લેવડ-દેવડ બાબતે અશરફ અનવરઅલી ચૌધરી (૨૨) નામના યુવાનની હત્યા કરનાર કાસીમ અબ્દુલ રહીમ ખાન (૨૫) નામના શખસની ધરપકડ ઘાટકોપર પોલીસે કરી છે. પોલીસે જણાવ્યું હતું કે કુર્લા સાકીનાકા પાઈપલાઇનસ્થિત રામમુરત મિસ્ત્રી ચાલમાં રહેનાર અશરફ ચૌધરી ફર્નિચર બનાવવાનું કામ કરતો હતો.

શુક્રવારની મધરાતે અશરફ ઘાટકોપર (પશ્ચિમ)ના અકબરલાલા કંપાઉન્ડમાં ગયો તે વખતે કાસીમે તેની હત્યા કરી હતી. આ અંગે તપાસ કરતાં પોલીસને જાણ થઈ હતી કે રૂપિયાની લેવડદેવડ આમાં કારણભૂત છે.

તાડદેવમાં નામચીન ગુનેગાર સાગરીત સાથે ઝડપાયો

મુંબઈ, તા. ૧૪ : તાડદેવ વિસ્તારમાં શુક્રવારે લૂંટ કરવા આવેલા લલ્લન કમલાપ્રસાદ નિશાદ (૨૫) નામના નામચીન ગુનેગારની તેમ જ તેના સાગરીત રાકેશ રમજુરામ જ્યસ્વાલ (૨૫)ની ધરપકડ આતંકવાદીવિરોધી પથકે ઘાતક શસ્ત્ર સાથે કરી છે. પથકને માહિતી મળી હતી કે નામચીન ગુનેગાર લલ્લન નિશાદ સાગરીત સાથે તાડદેવસ્થિત હોટલ નુરાણી પાસે લૂંટ કરવા આવવાનો છે. આ માહિતીને આધારે પથકે છટકું ગોઠવીને લલ્લનને તેમ જ તેના સાગરીત રાકેશને ઝડપીને ૮ એમ.એમ.ની હેન્ડગન, કારતૂસ, ચાકુ જપ્ત કર્યાં છે.

કારચાલકને ભરમાવી રૂા. ૧૦.૬૦ લાખ ભરેલી બૅગની ઉઠાંતરી

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૪ : બોરીવલી (પશ્ચિમ)ના માણિકનગર નજીક શનિવારે બપોરે નીચે પડેલા રૂપિયા લેવા ઝૂકેલા કારચાલકની નજર ચૂકવીને ૧૦.૬૦ લાખ રૂપિયા ભરેલી બૅગની ઉઠાંતરી બે શખસે કરી હોવાની નોંધ બોરીવલી પોલીસે કરી છે.

બોરીવલી પોલીસે જણાવ્યું હતું કે યોગીનગરસ્થિત યોગી પેરાડાઈઝ ઇમારતમાં રહેતા અને ભંગારનો વ્યવસાય કરનાર બિમલ દૌલતરામ શબદા (૨૬) માણિકનગર વિસ્તારમાં ફ્લૅટ જોવા ગયા ત્યારે તેમની કારમાં ચાલક બેઠો હતો. થોડી વારમાં ત્યાં આવી પહોંચેલા એક શખસે કારચાલકને કહ્યું કે નીચે રૂપિયા પડ્યા છે. શખસની વાતમાં આવીને કારચાલક નીચે પડેલા રૂપિયા જમા કરવા ગયો તે વખતે બીજા શખસે સિફતપૂર્વક કારની સીટ પર ૧૦.૬૦ લાખ રૂપિયા ભરેલી બૅગની ઉઠાંતરી કરી હતી.

પાકિસ્તાની મૂળના ઈમામ, બે પુત્રોની અમેરિકામાં ધરપકડ

વૉશિંગ્ટન, તા. ૧૪ (પીટીઆઈ) : પાકિસ્તાની મૂળના ફ્લોરિડામાં વસતા ઈમામ તથા તેમના બે પુત્રો પર અમેરિકન સત્તાવાળાઓએ પાકિસ્તાની તાલિબાનને આર્થિક તથા અન્ય મદદ કરી હોવાના આરોપ મૂક્યા છે. કુલ પાંચ જણ આમાં સંડોવાયેલા છે. એફબીઆઈના એજન્ટોએ હફીઝ મુહમ્મદ શેરઅલી ખાન (૭૬), તેમના પુત્ર ઈરફાન ખાન (૩૭)ની દક્ષિણ ફ્લોરિડામાંથી ધરપકડ કરી હતી. આ બંને અમેરિકન નાગરિકો છે તથા મિયામીમાં રહે છે. હફીઝ ખાન મિયામીની મસ્જિદના ઇમામ છે. તેમના અન્ય પુત્ર ઇઝહાર ખાન (૨૪)ની પણ ધરપકડ કરવામાં આવી છે. આ મામલામાં પાકિસ્તાનના રહીશ રહેમાન ઉર્ફે ફૈઝલ અલી રહેમાન, આલમઝેબ તથા અમિના ખાન ઉર્ફે અમિના બીબી પર પણ આરોપ મૂકવામાં આવ્યા છે. અમિના હફીઝ ખાનની દીકરી છે તથા આલમઝેબ તેનો પુત્ર છે.

દહેજના ત્રાસથી કંટાળેલી મહિલાનું અગ્નિસ્નાન

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૪ : ચેમ્બુરના મોહમ્મદ અલી ઉસ્માન અલી કમ્પાઉન્ડમાં શુક્રવારે સવારે દહેજના ત્રાસથી કંટાળેલી સાયરા સમશેર અલી સય્યદ (૨૫) નામની મહિલાએ અગ્નિસ્નાન કરીને જીવનનો અંત આણ્યો છે. ચેમ્બુર પોલીસે આ ઘટના સંદર્ભમાં સાયરાના પતિ સમશેર અલી મોહ. અલી સય્યદ (૨૬), અફરોજ સુલતાના શેખ (૨૮) અને નસીમ અબ્દુલ વહીદ (૩૧) નામની બે નણંદ સહિત ત્રણ જણાની ધરપકડ ચેમ્બુર પોલીસે કરી છે. ત્રણે જણાને આગામી મંગળવાર સુધી પોલીસકસ્ટડીમાં રાખવાનો આદેશ સ્થાનિક અદાલતે આપ્યો છે.

ચેમ્બુર પોલીસે જણાવ્યું હતું કે ત્રણ વર્ષ અગાઉ સમશેર અલી સય્યદ સાથે પરણીને સાયરા જ્યારે સાસરામાં આવી તે વખતથી સાયરાના પતિ તેની બે બહેનોની મદદથી પિયરમાંથી રૂપિયા લાવવાનું દબાણ સાયરા પર કરીને તેને ત્રાસ આપતો હતો.

જન્મભૂમિ
૧૯૩૪-૨૦૧૦

સ્વાદસમ્રાજ્ઞી સ્પર્ધા-૪૬

વિષય : શરબત-આઇસક્રીમ

ઉનાળાની મોસમ શરૂ થાય અને બજારમાં સ્વાદ અને રંગમાં વિવિધતા સાથે શરબત અને આઇસક્રીમનાં પાર્લરો ધમધમવા માંડે છે. લેમન, ઓરેન્જ, રોઝ, કાલાખટ્ટાનાં શરબત અને વેનિલા, ચૉકલેટ તેમજ ફ્રેશ ફ્રુટના આઇસક્રીમ પર લોકો તૂટી પડે છે, તો આવો આપણે પણ નવાં નવાં શરબત-આઇસક્રીમની રેસિપીથી શરબત-આઇસક્રીમ બનાવી ગરમી ભગાડીએ અને ઉનાળાની ગરમીની મોજ અને રજાની મસ્તી માણીએ... તો આપ શરબત-આઇસક્રીમની રેસિપી જાણતા હો તો લખીને મોકલી આપો.

એમાં કઈ કઈ સામગ્રી, કેટલા પ્રમાણમાં જોઈએ, તે બનાવવાની પદ્ધતિ - આ બધું સ્પષ્ટ, સારા અક્ષરે કાગળની એક બાજુએ લખી મોકલવાનું રહેશે. સાથે પોતાનો એક ફોટો પણ મોકલવાનું ભૂલતા નહીં.

જેમની રેસિપી પસંદ થશે તેમને 'જન્મભૂમિ સ્વાદસમ્રાજ્ઞી' ઘોષિત કરાશે અને તેમની તસવીર તથા રેસિપી 'જન્મભૂમિ'માં પ્રકાશિત થશે. એટલું જ નહીં, તેમને 'મિલન મસાલા' તરફથી એક મસ્ત-મજાનું ગિફ્ટ હેમ્પર પણ ઇનામમાં મળશે અને એ પણ રોજ એક મહિલાને.

યાદ રાખો કે તમારે જાતે બનાવેલી રેસિપી મોકલવાની છે. પુસ્તકોમાં પ્રકાશિત થયેલી કે બીજાની વિગત કૉપી કરીને મોકલવાની જરૂર નથી. તમારી રેસિપી 'જન્મભૂમિ'ના સરનામે અમને મોકલી આપો. દરેક એન્ટ્રી સાથે નીચેની કૂપન ભરીને મોકલવી જરૂરી છે (ઝેરોક્સ નહીં ચાલે). એન્ટ્રી સ્વીકારવાની અંતિમ તારીખ ૨૦-૫-૨૦૧૧.

MILAN MASALA

જન્મભૂમિ સ્વાદસમ્રાજ્ઞી
વિષય-૪૬ :
શરબત-આઇસક્રીમ

નામ : ____________________
સરનામું: ____________________
____
____
ફોન : ____________________
ઈ-મેઈલ (હોય તો) ____________________

લીબિયાના વિપક્ષી નેતાઓને વિશ્વસનીય ગણાવતું અમેરિકા

વૉશિંગ્ટન, તા. ૧૪ (પીટીઆઈ) : લીબિયન નેતા મુઆમ્મર કદાફીએ શાસન કરવા માટેની કાયદેસરતા ગુમાવી છે, એમ જણાવીને અમેરિકાએ કહ્યું હતું કે એ દેશની વિપક્ષી રાષ્ટ્રીય પરિષદ ત્યાંના લોકોના વિશ્વસનીય વાર્તાકારો છે, પણ અમેરિકા આ બળવાખોરોને રાજદ્વારી માન્યતા આપવાથી દૂર રહ્યું હતું. અમેરિકાના સુરક્ષા સલાહકાર ટોમ ડોનિલોને લીબિયાની વિપક્ષી રાષ્ટ્રીય પરિષદના પ્રમુખ મોહમ્મદ ગિબરીલ અને તેમના પ્રતિનિધિમંડળના માનમાં સમારંભ યોજ્યો હતો અને કદાફી સામે લડવામાં અમેરિકા તેમની કઈ રીતે સહાય કરી શકે તે અંગે વાતચીત કરી હતી. તેમણે કહ્યું હતું કે કદાફીએ શાસન કરવાની કાયદેસરતા ગુમાવી દીધી છે. કદાફીએ તાત્કાલિક દેશ છોડી જવો જોઈએ એવી ઓબામાની હાકલનું તેમણે પુનરુચ્ચારણ કર્યું હતુ. પાછળથી વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે લીબિયાની ક્રાંતિકારી રાષ્ટ્રીય પરિષદને માન્યતા આપવાનું હજી વિચારણા હેઠળ છે. અમે તેની ક્ષમતા ચકાસી રહ્યા છીએ. આખરે તો આંતરરાષ્ટ્રીય સમુદાયે નહીં, પણ લીબિયાની જનતાએ પોતાની નેતાગીરી પસંદ કરવાની છે.

સેરેના બાદ ઈજાગ્રસ્ત વિનસ પણ ફ્રેન્ચ ઓપનમાંથી બાકાત

નવી દિલ્હી, તા. ૧૪ : વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા ફ્રેન્ચ ઓપન ટેનિસ ચૅમ્પિયનશિપ ૨૨મી મેથી પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે શરૂ થઈ રહી છે. આ સ્પર્ધા શરૂ થાય તે પહેલાં જ ટેનિસ ચાહકોને મોટો ફટકો પડી ગયો છે. કારણ કે સેરેના વિલિયમ્સ બાદ વિનસ પણ ફ્રેન્ચ ઓપનમાંથી ઈજાના કારણે ખસી ગઇ છે. ૩૦ વર્ષીય અમેરિકન ખેલાડી છેલ્લે જાન્યુઆરીમાં રમી હતી. ત્યારબાદથી તે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ત્રીજા રાઉન્ડમાંથી પેટમાં દુખાવો થયા બાદ ખસી ગઈ હતી.

કોલકાતાને હરાવી બેંગલોરે પ્લે ઑફમાં સ્થાન પાકું કર્યું

બેંગલોર, તા. ૧૪ (પી. ટી. આઈ.) : વરસાદના અંતરાયવાળી રૉયલ ચેલેન્જર્સ બેંગલોર અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની મૅચ બેંગલોરે ડકવર્થ-લુઈસ નિયમના આધારે ચાર વિકેટે જીતી લીધી હતી. બે કલાક પડેલા વરસાદ બાદ મૅચ ટૂંકાવીને તેર ઓવરની કરી દેવાઈ હતી. પ્રથમ બૅટિંગ કરનાર કોલકાતાએ પોતાની ૧૩ ઓવરોમાં ચાર વિકેટે માત્ર ૮૯ રન નોંધાવ્યા હતા. કોલકાતા તરફથી યુસુફ પઠાણે ૨૪ બૉલમાં ૩૬ રનનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો હતો. જવાબમાં બેંગલોરના ઝંઝાવાતી ઓપન ક્રિસ ગેઈલે ૧૨ બૉલમાં છ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૩૮ રન નોંધાવ્યા હતા. કુલ સાત મૅચોમાં ૪૩૬ રન ફટકારીને ગેઈલ ઓરેન્જ કૅપનો હકદાર બન્યો છે. ડકવર્થ-લુઈસના નિયમ મુજબ બેંગલોરને ૧૦૩ રન કરવાના હતા, જે તેમણે છ વિકેટના ભોગે કર્યા હતા. આમ, બેંગલોરે પ્લે ઑફમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે.

દક્ષિણ આફ્રિકામાં ભારતીય નવોઢા હત્યા પહેલાં બળાત્કારનો ભોગ બની હતી ?

લંડન, તા. ૧૪ (પી. ટી. આઈ.) : દક્ષિણ આફ્રિકામાં હનીમૂન દરમિયાન જેની કતલ કરવામાં આવી હતી તે ભારતીય વંશની નવોઢા એન્ની દેવાણીના આવા મૃત્યુના સનસનાટીભર્યા કેસે ત્યારે નવો વળાંક લીધો હતો, જ્યારે એવા પુરાવા મળી આવ્યા હતા કે તેના પર બળાત્કાર કરવામાં આવ્યો હતો.

અહેવાલમાં એવું જણાવવામાં આવ્યું હતું કે દક્ષિણ આફ્રિકાની પોલીસ પાસે એવા પુરાવા છે જે એવું સૂચવે છે કે હનીમૂન દરમિયાન મૃત્યુનો ભોગ બનેલી એન્ની પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. અગાઉ તપાસકર્તાઓએ એવો દાવો કર્યો હતો કે તેના પર બળાત્કાર કરવામાં આવ્યો ન હતો.

એન્નીના પતિ બ્રિટિશ નાગરિક શ્રી એન. દેવાણી પર ગયા વર્ષે ૧૩ નવેમ્બરના પત્નીની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને હાલ તેની તબીબી સારવાર ચાલી રહી છે તેમ જ તેને દક્ષિણ આફ્રિકા પાછો લાવવા માટે બ્રિટિશ કોર્ટોમાં કાર્યવાહી ચાલી રહી છે. એન્નીની દેવાણી પર કરાયેલા પોસ્ટમોર્ટમ પરીક્ષણ પરથી એવું જણાયું હતું કે તેના મૃત્યુ અગાઉ થોડી વાર પહેલાં તેને ડાબા પગની પીંડીથી પકડી રાખવામાં આવી હતી અને ત્યાં ઉઝરડાના નિશાન પડી ગયા હતા.

નિષ્ણાતોએ દાવો કર્યો હતો કે આવું તો બળાત્કારમાં જ બને, એવો અહેવાલ ડેઈલી મેલે આપ્યો હતો.

છેલ્લામાં છેલ્લી માહિતી મુજબ તેના અપહરણકારોમાંના એક દ્વારા કરાયેલા બળાત્કારના પ્રયાસનો પ્રતિકાર કરવા જતાં તેની હત્યા થઈ ગઈ હતી.

આજે હિન્દુ જિમખાનામાં નેત્રચિકિત્સા શિબિર

મુંબઈ, તા. ૧૪ : પી. જે. હિન્દુ જિમખાનામાં રવિવારે સવારે ૯.૩૦થી બપોરે ૨.૩૦ સુધી નેત્રચિકિત્સા શિબિર યોજાશે. ડૉ. કુલીન કોઠારી અને એમની ચિકિત્સોની ટીમ નેત્રોના જતન, રક્ષણ અને નિદાન વિષે ઉપયોગી સલાહ આપી યોગ્ય ઉપચાર કરશે.

Advt.